# વ્યક્તિગત શિક્ષણ યોજના (IEP)
# માતાપિતા માટે માર્ગદર્શન

## વ્યક્તિગત શિક્ષણ યોજના (IEP) શું છે?

IEP લેખિત યોજના છે. તે કાર્યકારી દસ્તાવેજ છે જે વ્યક્તિગત રીતે અસાધારણ વિદ્યાર્થીની શક્તિ અને જરૂરિયાતો, વિશેષ શિક્ષણ કાર્યક્રમ અને સેવાઓ કે જે વિદ્યાર્થીની જરૂરિયાતોને પૂરી કરવા માટે સ્થાપવામાં આવી છે અને કેવી રીતે કાર્યક્રમ અને સેવાઓ વિતરિત કરવામાં આવશે તે વર્ણવે છે. તે વિદ્યાર્થીની પ્રગતિનું વર્ણન કરે છે, અને સફળ સંક્રમણો કરવા માટે વિદ્યાર્થીઓને સહાય કરવાની યોજનાનો સમાવેશ કરે છે.

IEP નીચેનાનો સારાંશ આપે છે:

- તમારા બાળકની શક્તિ અને જરૂરિયાતો
- મૂલ્યાંકન માહિતી
- તમારા બાળકને આપવામાં આવેલી વિશેષ શિક્ષણ સેવાઓ
- રહેઠાણ (સપોર્ટ, સેવાઓ કે જે તમારા બાળકને અભ્યાસક્રમની ઍક્સેસ અને શિક્ષણનું નિદર્શન દર્શાવવામાં સહાય કરશે)
- કાર્યક્રમના ફેરફારો (ઑન્ટારિયો અભ્યાસક્રમમાં ગ્રેડ-લેવલ અપેક્ષાઓ માટે જરૂરી ફેરફારો)
- ઑન્ટારિયોનાં અભ્યાસક્રમમાં વૈકલ્પિક કાર્યક્રમો / અભ્યાસક્રમો રજૂ કરેલ ન હોય (જેમ કે વ્યક્તિગત કાળજી, જગ્યા, દિશાઓ અને હરવા-ફરવાની તાલીમ, ઑડિટરી વર્બલ ઇન્ટરવેન્શન સ્ટ્રેટેજીસ અને / અથવા અમેરિકન સાઇન લૅન્ગ્વિજનાં કૌશલ્યોનો વિકાસ.)
- દરેક કાર્યક્રમ વિસ્તારમાં તમારા બાળકની સિદ્ધિનું વર્તમાન સ્તર
- તમારા બાળક માટે લક્ષ્યો અને ચોક્કસ અપેક્ષાઓ
- તમારા બાળકની સિદ્ધિઓ અને પ્રગતિની સમીક્ષા કરવા માટે આકારણીની વ્યૂહરચનાઓ
- નિયમિત અપડેટ્સ કે જે તારીખો, પરિણામો અને ભલામણો દર્શાવે
- સંક્રમણ યોજના
- તબીબી / આરોગ્ય સહાયતા / સેવાઓ
- સલામતી યોજના

## IEP કેવી રીતે કામ કરે છે?

IEP તમારા બાળકને પ્રાપ્ત થશે તે વિશિષ્ટ શિક્ષણ કાર્યક્રમો અને સેવાઓની રૂપરેખા આપે છે. IEPના વિકાસમાં પાંચ તબક્કાઓ છે:

1. માહિતી એકત્ર કરવી.
2. દિશા નક્કી કરવી.
3. યોજનાનો વિકાસ કરવો.
4. આયોજિત પ્રવૃત્તિઓ હાથ ધરવી.

5. ટ્રાંઝિશન પ્લાન અને સેફ્ટી પ્લાન સહિતની IEPની સમીક્ષા અને અપડેટ

# દિશા નક્કી કરવી

## હું અસરકારક IEP ટીમ સભ્ય તરીકે કેવી રીતે કામ કરું?

જ્યારે ટીમના બધા સભ્યો સિદ્ધ કરી શકાય તેવાં ધ્યેયો તરફ એક સાથે કામ કરે છે ત્યારે વિદ્યાર્થીઓ સૌથી વધારે સફળ થાય છે.

માતાપિતા તરીકે:

- દરેક સમયે તમારા બાળક પર ધ્યાન કેન્દ્રિત રાખો;
- તમારા બાળકના શિક્ષણ માટેની તમારી આશાઓ શિક્ષકને જણાવો;
- વિચારો અને માહિતી લાવો;
- પ્રશ્નો પૂછો; અને
- દરેકના ઇનપુટને માન આપો.

# માતાપિતા તરીકે, હું શું ભાગ ભજવું છું?

માતાપિતા IEP પ્રક્રિયા અને સંક્રમણ આયોજનમાં એક શક્તિશાળી સહાયક ભૂમિકા ભજવે છે. IEP પ્રક્રિયાના પાંચ તબક્કાઓ સમજવા અને તેમાં ભાગ લેવાનું મહત્ત્વનું છે. તેમજ, તમારા બાળકના IEPની નકલ માટે 30 શાળાકીય દિવસની અંદર પૂછો, જેથી તમે ઘરે આયોજિત પ્રવૃત્તિઓનું સમર્થન કરી શકો. તમે શીખવા માટે તમારા બાળકના અભિગમ વિશેની વસ્તુઓને જાણતા હશો જે બીજું કોઈ જાણતું નથી. તમારા બાળક વિશે નીચે મુજબ શિક્ષકને કહેવાની ખાતરી કરો:

- પ્રતિભા અને ક્ષમતાઓ;
- ગમા, અણગમા અને હિતો;
- અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં રસ;
- પારિવારિક સંબંધો અને ગતિશીલતા (વિસ્તૃત કુટુંબ અને પાલતુ પ્રાણીઓ સહિત);
- સાથીઓ સાથેના સંબંધો અને ગતિશીલતા;
- કુટુંબની દિનચર્યા અને સમયપત્રક;
- ભવિષ્ય માટે આશા અને સપનાં કોઈ પણ ટૂંકા અને / અથવા લાંબા ગાળાના ધ્યેયો સહિત; અને
- કેવી રીતે તમારું બાળક શ્રેષ્ઠ શીખે છે (ઉ.દા., દર્શાવીને, પ્રદર્શન દ્વારા, વગેરે.)

# મારા વિશે બધી માહિતી / IPP વિશે

તમે તમારા બાળકને તેને અથવા તેણીને ઑલ અબાઉટ મી પોર્ટફોલિયો (K-6) અથવા વ્યક્તિગત પાથવેઝ પ્લાન (ગ્રેડ 7-12) વિશે પૂછી શકો છો. સફળતા માટે નવા માર્ગો સર્જવાના ભાગ રૂપે: શિક્ષણ અને કારકિર્દી / જીવન આયોજન કાર્યક્રમ, આ સાધનો તેમના ભવિષ્યના આયોજન માટે વિદ્યાર્થીઓને અનુભવ આપે છે કારણ કે તેઓ અનુભવોમાં જોડાયેલા હોય છે અને શીખવાના 4 મહત્ત્વનાં ક્ષેત્રોમાં જ્ઞાન અને કૌશલ્યો વિકસિત કરે છે:

- હું કોણ છું ?
- મારી તકો શું છે?
- હું કેવો બનવા માગું છું?
- મારાં ધ્યેયો સિદ્ધ કરવા માટે મારી યોજના શું છે?

સળફતા માટે નવા માર્ગો સર્જવાના કાર્યક્રમ વિશે વધુ માહિતી માટે, કૃપા કરી www.yrdsb.ca પર YRDSB ની સાર્વજનિક વેબસાઇટની સ્ટુડન્ટ અને પેરેન્ટ ટૅબ્ઝની મુલાકાત લો.

તમે નીચેનાં મથાળાઓ હેઠળ તમારા બાળકના શિક્ષક માટે માહિતી આપવાનું પણ વિચારી શકો છો:
શારીરિક
બૌદ્ધિક
શૈક્ષણિક
સંસ્કૃતિક
ભાવનાત્મક
સામાજિક

- તબીબી માહિતી
- ઍથ્લેટિક ક્ષમતાઓ
- સ્વયંની સંભાળ
- જેમાં શરીરના મોટા અને નાના સ્નાયુઓનો ઉપયોગ થતો હોય એવાં કૌશલ્યો
- ઘર પર હોવા દરમિયાનની ક્ષમતાઓ
- સફળ નીવડેલી કે નિષ્ફળ ગયેલી વ્યૂહરચનાઓ
- સંવાદની વ્યૂહરચનાઓ
- મૂલ્યાંકન
- શીખવાની શૈલીઓ
- કામ અને ક્ષમતાઓનાં ઉદાહરણો
- પ્રેરણા
- મનોવૃત્તિ
- ભાવનાત્મક સુખાકારી
- સાંસ્કૃતિક અને ભાષા વિચારણાઓ
- સામાજિક કૌશલ્યો
- શાળાના મેદાનમાં આંતરક્રિયાઓ
- સહાધ્યાયી સાથે અને મોટા લોકો સાથેની આંતરક્રિયાઓ
- શાળામાંની અભ્યાસેતર પ્રવૃત્તિઓ

## સંક્રમણ યોજના શું છે?

લેખિત યોજના જે કાર્યક્રમો/રસ્તાઓના દૈનિક, ટૂંકા ગાળા અને લાંબા ગાળાના ફેરફારોની રૂપરેખા આપે છે.

સંક્રમણમાં નીચેની બાબતો સામેલ હોઈ શકે છે:

- સ્કૂલમાં પ્રવેશ
- એક પ્રવૃત્તિમાંથી બીજી પ્રવૃત્તિ
- એક વર્ગમાંથી બીજો વર્ગ
- ગ્રેડ્સની વચ્ચે
- એક શાળામાંથી બીજી શાળા
- પ્રાથમિક શાળામાંથી માધ્યમિક શાળા
- માધ્યમિક શાળામાંથી શિક્ષણ, કારકિર્દી, સમાજ અને જીવન માર્ગ

સંક્રમણ યોજનામાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

- વ્યક્તિગત ધ્યેયો
- તે ધ્યેયો સિદ્ધ કરવા માટે જરૂરી કાર્યવાહીઓ
- જરૂરી કાર્યવાહીઓ માટે જવાબદાર માનવામાં આવેલા લોકો
- સમાપ્તિ માટે ચોક્કસ સમયરેખાઓ

સંક્રમણ યોજના, વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો, શાળા, સમુદાય એજન્સીઓ અને યોગ્ય હોય તે પ્રમાણે અનુમાધ્યમિક ભાગીદારો સાથે વિકસાવવામાં આવે છે અને IEPની સમીક્ષા પ્રક્રિયાના એક ભાગ તરીકે તેની સમીક્ષા કરવામાં આવે છે અને તેને અપડેટ કરવામાં આવે છે.

# IEPનો વિકાસ કરવો

## મારા બાળક માટે આયોજનનાં ધ્યેયોમાં હું કેવી રીતે યોગદાન આપી શકું?

તમારા બાળકની શક્તિ અને જરૂરિયાતોથી શરૂઆત કરવી એ એક મહત્ત્વપૂર્ણ પ્રથમ પગલું છે. તમે ટૂંકા ગાળાનાં અને લાંબા ગાળાનાં ધ્યેયો સ્થાપવા સાથે સંબંધિત તમારા બાળક અને તેમના શિક્ષકો સાથે ચર્ચાઓમાં સામેલ થઈને સહાય કરી શકો છો.

તમને IEP સમજવામાં સહાય કરવા અને / અથવા વધારાનાં સંસાધનો પૂરાં પાડવાં માટે ઘણી સંસ્થાઓ ઉપલબ્ધ છે. તમારા શાળાના આચાર્ય તમારા વિસ્તારમાં સેવાઓ આપતી સંસ્થાઓનાં નામ આપી શકે છે. એડવાઇઝરી કમિટીનું બ્રોશર જે તમારી સ્થાનિક સ્કૂલ અથવા www.yrdsb.ca પર ઉપલબ્ધ છે

# IEPનું સંચાલન કરવું

તમારા બાળકને પોતાનાં લક્ષ્યો સુધી પહોંચવા માટે મદદ કરવા માટે તમે ઘણું બધું કરી શકો છો.

1. તે / તેણી શું પૂર્ણ કરવા માંગે છે તે વિશે શિક્ષક સાથે વાત કરો.
2. તમારા બાળકનાં ધ્યેયોને સમર્થન આપવા માટે તમે ઘરે જે કરી શકતા હો તે કરો.
3. તમારા બાળકના શિક્ષક સાથે વાતચીત કરવાની દરેક તક ઝડપી લો.
4. શાળામાં વધારાની માહિતી અને સંસાધનો પૂરાં પાડો.
5. મહત્ત્વપૂર્ણ વ્યક્તિગત/કૌટુંબિક પ્રસંગો પ્રાસંગિક હોય એ પ્રમાણે શૅર કરો.

## IEPની સમીક્ષા અને અપડેટ કરો

તમારા બાળકની પ્રગતિ તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પછી, શીખવાની પ્રક્રિયામાં મદદ કરવા માટે જરૂરી વિવિધ વ્યૂહરચનાઓ, અભિગમો અને / અથવા સંસાધનોનો સમાવેશ કરવા માટે IEPને અપડેટ કરવામાં આવશે.

- તમારા બાળકના શિક્ષક સાથે જે ધ્યેય નિશ્ચિત કરવામાં આવ્યાં છે તે વિશે વાત કરો.
- પ્રગતિ સંબંધિત તમારા બાળકના શિક્ષક સાથે નિયમિતપણે વાતચીત કરો.
- તમારા બાળકના રિપોર્ટ કાર્ડ પરનાં ધ્યેયો પામવા માટેની પ્રગતિનો પુરાવો જુઓ.
- લક્ષ્યો, વ્યૂહરચનાઓ અને/અથવા સંસાધનોમાં ફેરફારોની ભલામણ કરો અથવા જ્યાં તમે જરૂર છે ત્યાં જુઓ.
- જ્યારે તમારું બાળક ગ્રેડ, શાળાઓ બદલતું હોય અથવા કામના સ્થળે જતું હોય ત્યારે શાળાકીય ચર્ચાઓમાં સક્રિય રીતે સામેલ થાઓ.

### YRDSB SEACના સભ્યો

- Association for Bright Children - York Region North (તેજસ્વી બાળકો માટે ઍસોસિએશન - યૉર્ક પ્રદેશ નૉર્થ)
- www.abcontario.ca

- Association for Bright Children - York Region South (તેજસ્વી બાળકો માટે ઍસોસિએશન - યૉર્ક પ્રદેશ સાઉથ)
- www.abcontario.ca

- Autism Ontario - York Region Chapter (ઑટીઝમ ઑન્ટારિયો - યૉર્ક ક્ષેત્ર ચેપ્ટર)
- www.autismontario.com/york

- The Canadian National Institute for the Blind (ધ કેનેડિયન નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ધ બ્લાઇન્ડ)
- www.ctnsy.ca

- Children's Treatment Network of Simcoe York (CTN) (ચિલ્ડ્રન્સ ટ્રીટમેન્ટ નેટવર્ક ઑફ સિમકો યૉર્ક (સીટીએન))
- www.ctnsy.ca

- Community Living Georgina (કમ્યુનિટી લિવિંગ જ્યૉર્જિના)
- www.communitylivinggeorgina.com

- Community Living Newmarket/Aurora District (કમ્યુનિટી લિવિંગ ન્યૂમાર્કેટ / ઓરોરા ડિસ્ટ્રિક્ટ)
- http://www.clnad.com/

- Community Living York South(કોમ્યુનિટી લિવિંગ યૉર્ક સાઉથ)

- http://www.communitylivingyorksouth.ca/

- Down Syndrome Association of York Region (ડાઉન સિન્ડ્રોમ એસોસિએશન ઑફ યૉર્ક રિજયન)
- http://www.dsayr.ca/

- Early Intervention Services of York Region (યૉર્ક પ્રદેશની પ્રારંભિક હસ્તક્ષેપ સેવાઓ)
- http://www.york.ca/wps/portal/yorkhome/support/yr/childrenservices/

- Easter Seals of Ontario (ઑન્ટારિયોની ઇસ્ટર સીલ્સ)
- www.easterseals.org

- Learning Disabilities Association - York Region (લર્નિંગ ડિસેબિલિટીઝ એસોસિએશન - યૉર્ક પ્રદેશ)
- http://ldayr.org

- Learning Disabilities Association – York Region North (લર્નિંગ ડિસેબિલિટીઝ એસોસિએશન - યૉર્ક પ્રદેશ નૉર્થ)
- http://ldayr.org

- VOICE for Hearing Impaired Children (બધિર બાળકો માટે વોઇસ)
- http://www.voicefordeafkids.com/

- York Support Services Network (યૉર્ક સપોર્ટ સર્વિસીસ નેટવર્ક)

https://www.yssn.ca/